## છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતોને સરદાર સુગર મીલના બાકી નાણાં આપવા બાબત

*15/4/1956 રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): માનનીય સહકાર મંત્રીશ્રી(રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં આવેલ સરદાર સુગર મીલમાં ખેડૂતોએ આપેલ શેરડી તથા શેર ભંડોળના કેટલા નાણાં પરત મેળવવા માટે સરકારને ક્યારે રજૂઆત/દરખાસ્ત મળેલી છે, અને | (૧) શ્રી સરદાર કો–ઓપરેટીવ ઈન્ડસ્ટ્રીઝ લી., મુ. લઢોદ,જિ. છોટાઉદેપુરના ખેડુતોના રુ. ૧૧.૬૨ કરોડ પરત મેળવવા બાબતની આ વિભાગને તા.૨૯–૦૩–૨૦૨૨, તા.૦૫–૦૪–૨૦૨૨ તથા તા.૦૫–૦૯–૨૦૨૨ની રજુઆતો મળેલ છે. |
| (૨) ઉકત માગણી સંબંધમાં ખેડૂતોની લેણી રકમ ચુકવવા માટે છેલ્લા બે વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરેલ છે ? | (૨) પ્રસ્તુત બાબત સબ જ્યુડીશ હોવાથી છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની કોઈ લેણીની રકમ ચુકવવામાં આવેલ નથી. |

| અ.નં. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | સરદાર સુગર મીલની સ્થાવર અને જંગમ મિલ્કતનું વેચાણ કોના દ્વારા થયેલ હતુ? અને હરાજીમાં કેટલી રકમ ઉપજેલ હતી? | સરદાર સુગર મીલની સ્થાવર અને જંગમ મિલ્કતનું વેચાણ નામદાર હાઈકોર્ટ દ્વારા એસ.સી.એ. ૯૭૩૯/૨૦૧૩માં તા.૦૫/૧૨/૨૦૧૩ના રોજ કરવામાં આવેલ ઓરલ ઓર્ડરની વિગતેની **Sale Committee** દ્વારા જાહેર હરાજીથી થયેલ અને હરાજીમાં રૂ,૩૧,૬૭,૯૧,૦૦૦/– ઉપજેલ. |
| ૨ | સરદાર સુગર મીલની મિલ્કતોના વેચાણથી ઉપજેલ રકમ હાલ કોના હસ્તક ક્યાં કારણોસર જમા રહેલ છે? | સરદાર સુગર મીલની સ્થાવર અને જંગમ મિલ્કતના વેચાણથી ઉપજેલ રકમના વિતરણ અંગે નામદાર હાઈકોર્ટ દ્વારા હુકમ થયેલ ન હોય, સદર રકમ હાલ બરોડા સેન્ટ્રલ કો.ઓપ.બેંકમાં જમા છે. |

| | | |
|---|---|---|
| ૩ | સરદાર સુગર મીલ ફડચામાં ગયા બાદ ફડચા અધિકારી દ્વારા અગ્રતાક્રમની વિગતે કોને કેટલી રકમની ચુકવણી કરવામાં આવેલ છે? | સરદાર સુગર મીલની સ્થાવર અને જંગમ મિલ્કતના વેચાણથી ઉપજેલ રકમના વિતરણ અંગે નામદાર હાઈકોર્ટ દ્વારા હુકમ થયેલ ન હોય, સદર રકમ હાલ બરોડા સેન્ટ્રલ કો.ઓપ.બેંકમાં જમા છે અને આ રકમ નામદાર હાઈકોર્ટ હુકમ કરે તે મુજબ ચુકવણી કરવાની થતી હોય, ફડચા અધિકારી દ્વારા નક્કી કરેલ અગ્રતાક્રમની વિગતે કોઇને પણ કોઇ ચુકવણી કરવામાં આવેલ નથી. |
| ૪ | સરદાર સુગર મીલના ફડચા અધિકારી હસ્તક હાલ કેટલી રકમ ઉપલબ્ધ છે ? | સરદાર સુગર મીલની સ્થાવર અને જંગમ મિલ્કતના વેચાણથી ઉપજેલ રકમના વિતરણ અંગે નામદાર હાઈકોર્ટ દ્વારા હુકમ થયેલ ન હોય, સદર રકમ હાલ બરોડા સેન્ટ્રલ કો.ઓપ.બેંકમાં જમા છે. હાલ ફડચા અધિકારી હસ્તક કોઈ રકમ ઉપલબ્ધ નથી. |
| ૫ | સરદાર સુગર મીલની પીલાણ ક્ષમતા કેટલી હતી? | સરદાર સુગર મીલની પીલાણ ક્ષમતા ૨૫૦૦ **TCD**ની હતી. |
| ૬ | સરદાર સુગર મીલની નોંધણી કઇ તારીખે થયેલ હતી? | સરદાર સુગર મીલની નોંધણી તા.૧૨/૧૦/૧૯૯૪ના રોજ થયેલ હતી. |